**<u>આંક–૫ લગત વધુ હુકમ</u>**

(૧) હાલની અરજી આ કામના વાદી તરફે સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧,૨ કલમ ૧૫૧ મુજબ દાવો ચાલતા દરમિયાન વચગાળાનો મનાઇ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે અને તેઓએ તેમની અરજીમાં પ્રતિવાદી મોજે કેશોદ પાલીકા હત વિસ્તારના દાવાવાળા રેવન્યું સર્વે નં.૧૪૨/૪ ના પ્લોટો પૈકી પ્લોટ નં.૨૯–બ, ની જમીન ચો.મી. આ.૫૫/૭૪ હે.ગીતાનગર કોલોની નગર પાલીકાના વોર્ડ નં.૮ મીલકત નં.૩/૮૮૮ વાદીની માલીકીનું મકાન ભોયતળીયે આવેલ છે. જે મકાનની ચો.વા.૬૬/૬૬ તેના ચો.મી.૫૫/૭૪ બાંધકામ આવેલ છે. આ મકાનમાં નીચેના ભાગે બે રૂમ, રસોડુ, સંડાસ,બાથરૂમ, સીડી તથા ઉપરના ભાગે બે–રૂમ, રસોડુ તથા સંડાસ, બાથરૂમવાળઆ મકાન બનાવેલ છે. જે મકાનમાં પાકા પથ્થરના અને ઉપરના ભાગે સ્લેબવાળુ મકાન આવેલ છે. આ મકાન પ્રતિવાદી કે તેના પરીવારના સભ્યો કે અન્ય કોઇ ત્રાહીત વ્યક્તિ, નોકર, એજન્ટ, મુખત્યાર, એસાઇન, કોઇપણ મારફત વાદીને આ મકાનમાં પ્રવેશ કરવા માટે કોઇ અવરોધ, અંતરાય કે રૂકાવટ કરે નહી કે કરાવે નહિ કે સદરહું મિલકત પ્રતિવાદી અન્ય કોઇપણ વ્યક્તિને, વેચાણ, ટ્રાન્સફર કે તબદીલ કરે કે કરાવે નહિ તેવો વચગાળાનો મકાઇ હુકમ મેળવવા દાદ માંગેલ છે.

(૨) સદર અરજી બાબતે આજરોજ પક્ષકારો તથા પક્ષકારોના વિ.વ.શ્રીઓ હાજર હોય અને આજરોજ પ્રતિવાદી તરફે આંક–૧૨ થી વાદીને તેઓ વિવાદવાળી જગ્યામાં આવવા જવા દેશે તથા રહેવા દેશે અને વિવાદવાળી જગ્યાનો વેચાણ દસ્તાવેજ, ગીરો વિગેરે કરશે નહિ જ્યું સુધી દાવાનો કોઇ નિકાલ ન આવે ત્યાં સુધી તેઓ કોઇ જાતનું વેચાણ વિગેરે કરશે નહિ જે હકીકત પ્રતિવાદીએ પુરસીસથી જાહેર કરેલ હોય જે પુરસીસની હકીકતથી બન્ને પક્ષકારો સંમત થતા હોય અને તે મુજબ આંક–૦૫ ની અરજી ઉપર હુકમ કરવા બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓ જણાવતા હોય સદર

પ્રતિવાદીની આંક–૧૨ ની પુરસીસના આધારે સદર આંક–૫ ની અરજી તળે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) દાવાવાળી તકરારી મિલકતમાં આ કામના પ્રતિવાદી કે તેના પરીવારના સભ્યો કે અન્ય કોઇ ત્રાહીત વ્યક્તિ, નોકર, એજન્ટ, મુખત્યાર, એસાઇન, કોઇપણ મારફત વાદીને આ મકાનમાં આવવા જવા, પ્રવેશ કરવા માટે કોઇ અવરોધ, અંતરાય કે રૂકાવટ કરવી નહી કે કરાવવી નહિ કે સદરહું મિલકત પ્રતિવાદીએ અન્ય કોઇપણ વ્યક્તિને, વેચાણ, ટ્રાન્સફર કે તબદીલ કરવી કરાવવી નહિ તેવો દાવાના આખરી નિકાલ સુધિ પ્રતિવાદી વિરુદ્ધ હંગામી મનાઇ હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તા.૦૯ માહે–જાન્યુઆરી, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

કેશોદ.
તા.૦૯/૦૧/૨૦૨૬

(વાલજીભાઇ શાંમજીભાઇ પટેલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,
કેશોદ.
(કોડ જી.જે.૦૧૪૮૪)